# સુંદર સ્વર્ણપુરીમાં......

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯)માં સસંઘ શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરી હતી. આ યાત્રામાં ત્યાંના દિગંબર જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને ભગવાનનો વિરહ એવો તો સાલ્યો કે ''અરે! આપણને સાક્ષાત્ ભગવાનનાં તો દર્શન નહીં પણ જિનપ્રતિમાનાં પણ દર્શન નહીં?'' આ ભાવનાના પરિપાકરૂપે તીર્થધામ સુવર્ણપુરી મધ્યે વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)માં સર્વપ્રથમ સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની મંગલ પ્રતિષ્ઠા થઈ. આ પાવન પ્રસંગે સીમંધરાદિ જિનભગવંતોની મંગલ પધરામણીની મહિમા કરતી આ ભક્તિરચના ૩૩ વર્ષની વયે પંડિતરત્ન શ્રી હિંમતભાઈએ કરી હતી.)

(રાગ—ગાજે પાટણપુરમાં)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ—રવિ આજે ઊગ્યો રે,
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે ૧

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;
કોટિ સુધાંશુ કરતાં વધુ આત્મશાન્તિ,
કોટિ રવીંદ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો ! અમ આંગણે રે. સુંદર સ્વર્ણ૦ ૨

'સદ્ધર્મવૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુન્દના વિરહતાપ પ્રભુ નિવાર્યા;

સપ્તાહ એક વરસી અદ્‌ભુત ધારા,
શ્રી કુન્દકુન્દ હૃદયે પરિતોષ પામ્યા.

જેની વાણી ઝીલી કુન્દપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેની વાણીનો વળી સદ્‌ગુરુ પર ઉપકાર,
એવા ત્રણ ભુવનના નાથ અહો ! અમ આંગણે રે. સુંદર સ્વર્ણ૦ ૩

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે;
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કહાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમલ હૃદયે વસો રે. સુંદર સ્વર્ણ૦ ૪

❃